# નોંધપોથીનાં પાનાં

ભાગ - ૨

## સોલનમાં સત્સંગ

મે-જૂન ૧૯૫૫

૧૯૫૫ના મે અને જૂન માસના માતાજીના સોલન-નિવાસ દરમિયાન જાતજાતના પ્રશ્નોની ચર્ચા થઇ. આ ગાળામાં કરવામાં આવેલી નોંધોના કેટલાક અંશો નીચે આપેલા છે.

**યોગ્ય કેળવણીના મહત્ત્વ વિષે :**

લોકોને જીવનભર વેઠવા પડતાં કષ્ટોમાંના મોટાભાગનાનું કારણ અને વિશ્વમાં પ્રવર્તમાન મોટાભાગની અરાજકતાનું કારણ યોગ્ય કેળવણીનો અભાવ છે તેવું માતાજીના શ્રીમુખેથી અવારનવાર કહેવામાં આવે છે. જો ચાર આશ્રમોમાંના પ્રથમાશ્રમ એટલે કે બ્રહ્મચર્યાશ્રમનું પાલન યોગ્ય રીતે કરવામાં આવે તો મનુષ્ય વિપરીત સંયોગોને કારણે આવી પડનાર દુ:ખોના ભય વિના જીવન વિતાવી શકે, કેમ કે પ્રથમાશ્રમમાં જ તેના મનમાં મનુષ્યના અસ્તિત્વનો હેતુ દૃઢપણે નિશ્ચિત થઇ ગયો હોય.

જો ઊછરતું બાળક, સમજણાં કન્યા-કિશોર, મનુષ્યના હોવાનું પ્રયોજન પોતાની જાતને પામવાનું છે એવું બરાબર-સમજે, બધું જ્ઞાન અંતે તો બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટેની પૂર્વતૈયારી રૂપ છે એવુ જો તે જાણી લે, પોતાની બધી જ શક્તિઓ મનુષ્યને મનુષ્ય તરીકે છાજે તેવી પરમની ખોજ માટે અક્ષુણ્ણ રહે તે માટે બ્રહ્મચારીનું સાદું, સંયત અને શિસ્તબદ્ધ જીવન જીવીને શરીર-મન પર કાબુ કઇ રીતે રાખી શકાય એવું પણ જો તેને સાથે સાથે શીખવી શકાય તો તે જીવન જીવવાની કળા શીખે. ભલે પછી તે સંસારનો ત્યાગ કરીને સંન્યાસ ગ્રહણ કરવાનો ટૂંકો માર્ગ લે અથવા ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમની ભૂમિકામાંથી પસાર થાય તો પણ આત્મસાક્ષાત્કાર અને અમરતાનો માર્ગ તેને માટે ખુલ્લો છે.

જે રીતે આપણે શ્વાસ દ્વારા આજુબાજુની હવા લેવી જ પડે છે તે રીતે આપણે આપણા વાતાવરણમાંથી સૂક્ષ્મ અસરો પણ ગ્રહણ કરતાં હોઇએ છીએ. કોઇ મનુષ્ય પોતે જેની સાથે સંપર્કમાં આવે તેનાથી સંપૂર્ણપણે અલિપ્ત રહી શકે નહીં. બાળક મોટા માણસ કરતાં વધારે સંવેદનશીલ હોય છે. તેથી બાળક પરમ્ તત્વની ખોજમાં સમર્પિત સ્ત્રી-પુરુષોના સંગમાં રહે, એમના કુમળા માનસ શાસ્ત્રોની સમજણથી કેળવાય, સિનેમા અને હલકી નવલકથાઓથી નહીં. જે કન્યા કે કિશોરને જીવનમાં એક વાર

પણ સત્યની શોધની આવશ્યકતાની, સાક્ષાત્કારની અનિવાર્યતાની ગહન અનુભૂતિ થઇ હશે, જેને ધન, નામ, ખ્યાતિ, ઝળહળતી કારકિર્દી વગેરે એષણાઓની નિરર્થકતા અને તુચ્છતાનું ભાન અનુભવાય તેવું શિક્ષણ મળ્યું હશે તે માર્ગ પરથી ચ્યુત થાય તો પણ અંતે તેનામાં રોપાયેલા આદર્શો પ્રત્યે અભિમુખ થશે જ.

❑ ◆ ❑

**સત્યપ્રીતિ વિષે :**

એક કિશોરે પૂછ્યું: "જો આપણે સાચું બોલીએ તો દુનિયામાં વ્યવહાર ચાલે નહિ ને જૂઠું બોલીએ તો ભગવાન મળે નહીં. તો પછી કરવું શું?"

"હંમેશા સત્ય બોલવાનો પ્રયત્ન રાખો અને પછી જુઓ કે શું થાય છે." માતાજી બોલ્યાં, "જો, તેની વાર્તા સાંભળવી છે?"

"એક પ્રખ્યાત ચોર હતો. તેણે એક સાધુનો સંગ કર્યો. શરૂઆતમાં તો સાધુએ તેના પ્રત્યે દુર્લક્ષ સેવ્યું પરંતુ ચોર તો રોજ રોજ આવીને કહેવા લાગ્યો કે બાપજી કંઇ ઉપદેશ આપો. સાધુ કહે કે 'સારું જો, સાંભળ. ચોરી કરવાનું છોડી દેવું, અસત્યભાષણ કરવું નહિ, થોડા દિવસ આ બેનું સફળતાપૂર્વક પાલન થાય પછી આવજો. ચોર તો પગે લાગીને જતો રહ્યો. થોડા દિવસે દુબળો-પાતળો દીન-હીન દેખાતો તે પાછો આવ્યો. સાધુ કહે, 'કેમ ભાઇ કેવું રહે છે?' ચોર કહે; 'મહારાજ મેં તો તમારી આજ્ઞાનું બરાબર પાલન કર્યુ છે; પણ આમ તો કેવી રીતે લાંબું ચાલે? મારું આખું કુટુંબ ભુખે મરવા પડ્યું છે હું તો નામી ચોર છું અને મને કોઇ કામ આપશે નહીં. હું ચોરી ન કરું તો અમે જીવતાં કેમ કરીને રહીએ?" 'બહુ સારું' સાધુએ કહ્યું 'તું પાછી ચોરી કરી શકે છે પરંતુ કોઇ પણ સંજોગોમાં અસત્યભાષણ કરીશ નહીં, સત્યને વળગી રહેજે.' ચોરના મોઢે તેજ આવ્યું. એણે ગુરુની આજ્ઞાનું પાલન કરવાનું વચન આપ્યું.

એણે વિચાર કર્યો કે આટઆટલા ભૂખમરા પછી તો મહેલમાં જઇને રાજાની તિજોરી જ તોડવી પડે.

''નસીબની વાત છે કે રાજાને એ રાત્રે ઊંઘ જ ન આવી. વિચિત્ર અવાજ સાંભળીને એ તો નોકરના જૂના કપડાં પહેરીને નીચે ગયો. જ્યારે તેણે જોયું કે એક ચોર કિંમતી વસ્તુઓ ઉઠાવી જવાની પેરવીમાં છે ત્યારે એણે પણ ચોરનો સ્વાંગ ધરીને કહ્યું; હું યે તારા ધંધામાં છું પણ મારી તો હજુ શરૂઆત છે. હું તને મદદ કરું. જો તું મને થોડો ભાગ દે તો કેમ? તો પેલો કહે કે ભલે. આ મોટા મોટા ભારેખમ તાળાં તોડવામાં ઘણો વખત વીત્યો છે ને હમણાં પરોઢિયું થઇ જશે. જો ચોકીદાર આ બાજુ આવતો જણાય તો સમયસર મને નિશાની કરજે. હું જે લઉં એનો ચોથો ભાગ તારો. રાજા કહે: 'એ તો નક્કી, પણ તારું નામ-સરનામું મને દઇ દે.' ગરુઆજ્ઞાને મનમાં ધરીને પેલાએ તો સાચી વિગત આપી. છદ્મવેષી રાજાની મદદથી એણે ચોરીનો માલ બહાર કાઢ્યો ને ચોથો ભાગ પેલાને દઇ દીધો.

''સવાર પડી ત્યાં તો રાજમહેલમાં ધમાલ થઇ ગઇ. રાજાને ચોરીને ખબર કરવામાં આવી. ચોરની ભાળ મોળવવા માટે તપાસ કરવામાં આવી પણ ચોરનો પત્તો લાગ્યો નહીં, રાજાએ ખાનગી વાત બહાર ન પાડી, પરંતુ દરબારમાં જ્યારે મુકદમો ચાલ્યો ત્યારે એણે ચોરને બોલાવી મંગાવ્યો. તને આ ચોરીની કાંઇ ખબર ખરી કે? રાજાએ સીધેસીધું જ પૂછયું. 'હા', પેલાએ જવાબ વાળ્યો, ''તો વિગતવાર માહિતી આપ'' રાજાએ હુકમ કર્યો. ચોરે તો ઝીણામાં ઝીણી વિગત આપી. રાજાને પોતાના કાન પર વિશ્વાસ પડે નહિ. આવો સાચુકલો માણસ ચોરી શા માટે કરે? રાજાથી ઉદ્ગાર થઇ ગયો. ચોરે ગુરુની આજ્ઞાની વાત કરી ને ફોડ પાડ્યો કે ઘરનાં સહુ ભૂખે ન મરે માટે જ ચોરી કરવી પડે છે. 'તારા કુટુંબના ભરણપોષણ માટે તારે મહિને કેટલું જોઇએ?' રાજા એ પૂછયું. પેલાએ તો નાની એવી રકમનો આંકડો આપ્યો. રાજા કહે; 'તારે હવે ચોરી કરવી નહીં પડે. તમારા ભરણપોષણની આજીવન જવાબદારી હવે મારી.'

''જોયું ને?'' માતાજી બોલ્યાં; ''દ્રઢપણે સત્યભાષી બનવાથી ચોરને પ્રામાણિક જિંદગી જીવવાની વ્યવસ્થા થઈ ગઈ. સત્યભાષણ બહુ મહત્ત્વનો ગુણ છે. ભગવાન સત્ય છે. સત્ય બોલવાથી તેની નજીક જવાય છે.

આ વાર્તા બીજો પાઠ પણ શીખવે છે. ગુરુઆજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવાથી આત્યંતિક કલ્યાણ થાય છે એટલું જ નહીં પણ રોજેરોજના પ્રશ્નોનું નિરાકરણ થઇ જાય છે.''

❑ ◆ ❑

**શુદ્ધિ વિષે :**

એક ઓસ્ટ્રેલિઅન સન્નારીને ભારતના શુદ્ધિના ખ્યાલ અને પશ્ચિમના શુદ્ધિના ખ્યાલ વચ્ચે મોટો ભેદ જોઈને મૂંઝવણ થતી હતી. તેણે માતાજીને આ વિષે પ્રકાશ પાડવા વિનંતી કરી.

માતાજીએ જે સમજાવ્યું તેનો સાર આ પ્રમાણે છે: ''શુદ્ધિ, સ્વચ્છતા, નિર્મલતા એ મનનું વલણ છે. કેટલાંક એમ વિચારે છે કે બધું એકદમ સાફસૂથરું, ચોખ્ખુંચણાક હોય, સ્વચ્છ દેખાય એટલે તે શુદ્ધ પણ હોય. પણ સૂક્ષ્મ જંતુઓનો દાખલો લઈએ તો એક સ્થળ સાવ ચોખ્ખું દેખાતું હોય અને છતાં જંતુથી ભરેલું હોય. જંતુ નરી આંખે દેખાય એવાં ન હોય છતાં માંદગી લાવે. મને કોઈએ એક માતાની વાત કરેલી. એને કોઈ સાથે ભયંકર ઝગડો થયો અને તેના ચિત્તને અપાર ક્લેશ થયો. પછી એણે પોતાનાં બાળકને ધવરાવ્યું. બાળક માનું દૂધ પીને ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યું. જે ડૉક્ટરને કારણ પૂછ્યું તેણે જણાવ્યું કે માતાના વધુ પડતા ગુસ્સાને કારણે એના આખા શરીરને અસર પહોંચી હતી અને તેનું દૂધ ઝેરી થઇ ગયું હતું.

માણસ જેને અડે તેમાં તેના કેટલાક ગુણો આવે. પુરાતન કાળમાં ઋષિઓએ જ્ઞાતિની વ્યવસ્થા કરી તે એટલા માટે કે ચારે ચાર જ્ઞાતિઓમાં કેટલાક વિશિષ્ટ ગુણોનો અને વિશિષ્ટ શક્તિઓનો વિકાસ થાય. તેથી પ્રત્યેક જ્ઞાતિના સભ્યોને બીજી જ્ઞાતિના સભ્યોના સંપર્કમાં આવે ત્યારે કેટલાક નિશ્ચિત નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવું આવશ્યક હતું. જ્યારે વસ્તુમાં કોઈ મિશ્રણ ન હોય, ભેગ ન હોય, વિકાર ન હોય, કશાથી લિપ્ત ન હોય, પોતે જે હોય તે જ હોય ત્યારે તે શુદ્ધ કહેવાય છે, જ્યારે બીજા પદાર્થ સાથે તેનું મિશ્રણ થાય ત્યારે તે અશુદ્ધ કહેવાય છે. ધારો

કે કોઈ તમને એક સંપૂર્ણપણે સ્વચ્છ પાત્રમાં નળમાંથી જળ લાવી આપે છે, જલ પોતે સ્વચ્છ હોવા છતાં લાવનારના ગુણમાંથી કંઈક એનામાં આવી જાય છે. બ્રાહ્મણોને બીજી જ્ઞાતિના સભ્યના સ્પર્શવાળું જળ ગ્રહણ કરવાનો નિષેધ હતો. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ એ બ્રાહ્મણનું કર્તવ્ય હોવાથી તેણે બીજા પ્રકારના કર્મોમાં પ્રવૃત્ત થયેલાઓ સાથે હળવું-મળવું યોગ્ય ન હતું. તેમાંથી અસ્પૃશ્યતાનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

હવે સેવાની વાત કરીએ તો તમે મનુષ્યની કે કોઈ પશુની નોકરી-ચાકરી કરો તે શુદ્ધ સેવા નથી. પરંતુ તમે એવા ભાવથી સેવા કરો કે સર્વ કાંઈ પરમાત્મા પોતે જ છે, કે કોઈ પણ સેવા કરવાથી તમે તે તે સ્વરૂપમાં પરમાત્માની જ સેવા કરો છો, તો અને તો જ તે સાચી સેવા બને. હકીકતે પરમાત્મા સિવાય કંઈ છે જ નહિ, તેથી માત્ર તેને જ સેવવા એ મનુષ્યનું કર્તવ્ય છે. શુદ્ધિ-નિર્મલતા એટલે 'સત્ય', 'જે છે તે'. સારાંશ એ કે જે કંઈ સત્‌ના સાક્ષાત્કારમાં સહાયક થાય તે શુદ્ધ અને તેમાં બાધક નિવડે તે અશુદ્ધ.''

એક ભારતભરમાં અને વિશ્વસકલમાં પ્રવાસ કરી ચૂકેલા એક વિદ્વાન પ્રાધ્યાપક બોલ્યા; ''ગંગા નદી શુદ્ધ કહેવાય છે પણ વારાણસીની મુલાકાત લીધી ત્યારે મેં જોયું કે ગટરો પણ ગંગામાં ઠલવાય છે અને થોડે દૂર કોઈ તેમાંથી પાણી પીએ છે. મને તો ચિતરી ચડી. મારાથી ગંગામાં નાહી શકાતું નથી. મને જુગુપ્સાનો અનુભવ થાય છે.''

માતાજી: ''ગંગાનો સ્વભાવ જ શુદ્ધ કરવાનો, નિર્મલ કરવાનો છે. જે કંઈ ગંગામાં પધરાવાય તે ગંગાની નિર્મલતાથી જ આવૃત્ત થાય, પાવન થાય, જેમ પાવક-અગ્નિ પાવન કરે છે, શુદ્ધ કરે છે તેમ. જે કંઈ અગ્નિમાં ફેંકો તે ભસ્મનું રૂપ લઈ લે. તમને એમ લાગતું હોય કે ગંગાજલ કરતા નળનું પાણી સારું તો વારાણસીમાં નળનું પાણી પણ ગંગામાંથી આવે છે. દૃષ્ટિકોણનો પ્રશ્ન છે. તમારા દૃષ્ટિબિંદુથી તમે સાચા. છતાં, મૂળભૂત રીતે જોતાં તો શુદ્ધિ અને અશુદ્ધિ બન્ને મનના જ છે. છે તો કેવળ એક આત્મા. ગંદકી અને ચંદન બન્ને એ જ છે, ત્યાં શુદ્ધિ યે નથી. આજનું તમારું ગ્રહણ કરેલું અન્ન આવતી કાલે મળ બની જશે, ગંદકી બની જશે. છતાં કેટલાક જીવોનો એ જ ખોરાક છે. ગંગાજળ પર એક

કોહવાઈ ગયેલુ શવ તરે છે. ગીધો નીચે ઊતરીને તેની ઊજાણી કરે છે. એ ગીધનો કુદરતી આહાર છે. જીવન એક છે. એક પ્રાણીને માટે જે ગંદકી છે તે બીજા પ્રાણીને માટે પોષણ છે. કેવળ તેઓ એક જ છે અને સર્વ કાંઈ એનાં સ્વરૂપો છે એવું જ્ઞાન થાય તેવી મનઃસ્થિતિ આપણે પ્રાપ્ત કરવી જોઈએ. एकः ब्रह्म, द्वितीयो नास्ति।

**દૈહિક પીડા સહન કરવા વિષે :**

ઓસ્ટ્રેલિયાથી એક બહેન ગયા ઉનાળે માતાજીનાં દર્શને અલ્મોડા આવ્યાં હતાં. તેમણે પૂછેલા પ્રશ્નોમાં એક એવો હતો કે માંદગી જો આ કે તે જન્મનાં કર્મોનું ફળ હોય તો ડૉક્ટરોને બતાવીને દવા લેવી યોગ્ય કહેવાય કે કેમ. કુદરતી ક્રમમાં દખલ કર્યા વિના જે કંઈ આપણા પર વીતે તે વેઠી લેવું વધારે સારું નહીં? માતાજીએ જવાબ વાળ્યો કે, "શરીરને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે આપણાથી થઈ શકે તે બધું જ કરવું યોગ્ય ગણાય. કેમ કે દેહમાં પીડા હોય તેવી વ્યક્તિથી સાધના થઈ શકે એવી અપેક્ષા રાખી શકાય નહિ. છતાં પીડા સહન કેમ કરવી એ પણ શીખવું આવશ્યક છે, કારણ કે ક્યારેક ને ક્યારેક તો દેહને પીડા થવાની જ છે. તે વખતે તેને ભગવાનનું એક સ્વરૂપ માનીને સ્વીકારી લેવું જોઈએ."

કેટલાક મહિના પછી આ જ બહેનના ઘૂંટણમાં તડ પડી. આ બનાવ પર્વતોની વચ્ચે બન્યો. ત્યાંથી ડૉક્ટર-દવાખાનાં તો માઈલોના માઈલો દૂર. એટલું ઓછું હોય એમ પાછો ભારે વરસાદ પડ્યો. ડોળી કરીને તેમને લઈ જાય તે માટે ત્રણ દિવસની રાહ જોવી પડી. પીડા-તીવ્ર હતી. એને રાતનો ઉજાગરો થયો. પરંતુ માતાજીનાં વચન સ્મૃતિમાં રાખીને એમણે દિવ્ય પ્રેમ સ્વરૂપ ઈશુ પ્રભુનું અને માતાજીનું ધ્યાન ધર્યું. આશ્ચર્ય! પીડા સાવ વિસરાઈ ગઈ ને સવારે તો ખૂબ તાજગી લાગી, બહુ સારું લાગ્યું. આવી કૃપાનુભૂતિની મનઃસ્થિતિમાં ત્રણ દિવસ ગાળ્યા. પછીથી એમણે કહ્યું કે ગમે તેના ભોગે પણ એ અનુભૂતિને ગુમાવવા પોતે તૈયાર ન હતા. પીડા આવી જ પડે તો સહન કરતા શીખવું જોઈએ એવું માતાજીનું વચન હતું એનો શું આ જ અર્થ હતો?

એ પછી જ્યારે જ્યારે પીડા થાય ત્યારે એ બહેને એ જ રીતે ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો છે છતાં એ ઉન્નત મનોભૂમિકા પર પહોંચાયું નથી. આ વર્ષે માતાજીને મળ્યા પછી પોતાની નિષ્ફળતાનું કારણ સમજાવવા એણે એમને કહ્યું. માતાજી આછું હસીને બોલ્યા; ''તારી પીડા તે પછી ક્યારેય એવી તીવ્ર ન હતી.''

❑ ◆ ❑

**પ્રાર્થના વિષે :**

**પ્રશ્ન :** ''પ્રાર્થના દ્વારા પ્રારબ્ધનો ક્ષય થઈ શકે?''

**માતાજી :** ''ના. પ્રારબ્ધનો ક્ષય કરવો અત્યંત મુશ્કેલ છે. કેટલાક એમ કહે છે કે અશક્ય છે. એક સિદ્ધાંત મુજબ તો જીવનમુક્તિ પછી પણ એ રદ થઇ શકતું નથી, પરંતુ મુક્તિ હોય ત્યાં પછી એક વ્યક્તિની સ્વતંત્ર હયાતી પણ નથી હોતી તો પછી ત્યાં પ્રારબ્ધ ક્યાંથી રહે! આ શરીર કહે છે કે મુક્તિની જ્યોતિમાં બધું જ જલીને ભસ્મ થઈ જતું હોય તો પ્રારબ્ધ કેમ નહિ? સ્વીચ બંધ કર્યા પછી પણ વીજળીનો પંખો ઘડીક વાર ગોળ ગોળ ફરે એના જેવું. જ્યારે કરંટ આવતો બંધ થયો છે ત્યારે થોડી વારે ગતિ પણ બંધ થવાની જ છે. પરંતુ જીવનમુક્તને તો આવી ગતિ પણ નથી કેમ કે પ્રારબ્ધનો અનુભવ કરે કોણ? કેમ કે તેને માટે દેખાય છે છતાં દેહ જેવું કંઈ નથી.''

**પ્રશ્ન :** ''પ્રાર્થનાની અસર થાય છે?''

**માતાજી :** હા. પ્રાર્થનાનું પરિણામ અનિવાર્યપણે મળે જ. જો કે તમે ધારેલું ન પણ મળે. પરંતુ પ્રાર્થના તમને પરમાત્મા સાથે જોડે છે તેથી તે કલ્યાણકારી તો છે જ. ધારો કે માંદું બાળક સાજું થઈ જાય એવી પ્રાર્થના તમે કરી અને બાળક મૃત્યુ પામ્યું. તમારી પ્રાર્થના દ્વારા કરાયેલી માગણી પ્રમાણે તમને મળ્યું નહીં છતાં તેનાથી તમારા બાળકને કોઈ ને કોઈ રીતે સહાય તો થશે જ. ધારો કે તમે નોકરી મેળવવા માટે પ્રાર્થના કરો ને નોકરી મેળવીને પછી માંદા પડો; અથવા ધન માટે કરો ને માર્ગમાં લૂંટારા તમને એને માટે થઈને મારી નાંખે. તમારે શેની

જરૂર છે તેની માત્ર ભગવાનને જ ખબર છે. બાળક રડતું હોય તેને અટકાવવા મા તેને બિસ્કિટ આપે તેમ તમે જે ઇચ્છો છો તે ન મળે ને કંઈક બીજું પણ મળે.''

**પ્રશ્ન :** ''તો પછી ભગવાનને પ્રાર્થના શા માટે કરવી? જે કંઈ જરૂરી હોય એ તો એ કરે જ છે ને?''

**માતાજી :** હા, એક કક્ષાએ આ વાત પણ સાચી છે, છતાં પ્રાર્થના કરવી સારી. એનાથી આપણા વિચારો પરમાત્મા પ્રતિ અભિમુખ થાય છે. પ્રાર્થના જાતજાતની છે. પહેલાં તો માણસ ધન, તંદુરસ્તી, કુટુંબ, સામાજિક મોભો વગેરે ભૌતિક વસ્તુ માટે પ્રાર્થના કરે છે. એ ભૂમિકા પર જો તેણે આ બધાં અને આનાં જેવાં બીજાં વરદાનો માટે પ્રાર્થના કરી ન હોત તો ભગવાનનું સ્મરણ સુદ્ધાં કર્યું ન હોત. ગમે તે હેતુથી પણ તેનું સ્મરણ કરવું તે કલ્યાણકારી છે.

''પછીથી એક એવી ભૂમિકા પણ છે, વિશેષ ભાવે તો ભક્તિમાર્ગમાં, જ્યાં અંતરમાંથી આપોઆપ પ્રાર્થનાનું ઝરણું વહેવા લાગે છે. માણસ પરમાત્માને ઝંખે છે, તેને માટે ઝૂરે છે અને તેનાથી પ્રાર્થના કર્યા વિના રહેવાતું નથી : 'હે પ્રભુ ! તારા વિના મારાથી રહેવાતું નથી. પ્રગટ થા ! તારા દર્શનનો કૃપાપ્રસાદ મને ક્યારે મળશે?' આ વિરહજ્વરનો ઈલાજ માત્ર તેનું મિલન છે. પહેલાં પ્રકારની પ્રાર્થનાનું ઉદ્‌ગમસ્થાન અહંકાર છે. બીજા પ્રકારની પ્રાર્થના પણ આવે છે તો અહંકારમાંથી જ પરંતુ એવો અહંકાર જે ચૂરચૂર થઈ જવાની અણી ઉપર છે; એની બંદગી જ્યારે કબૂલાઈ જશે ત્યાર પછી તેને કોઈ બંદગી, કોઈ પ્રાર્થના કરવાની રહેશે નહિ.

''બીજી પણ એક ભૂમિકા છે, જ્યાં માણસ કહે છે; મારું તારે જે કરવું હોય તે કર. હું તારું રમકડું, તારા હાથમાંનું એક યંત્ર. માત્ર મને તું જે કંઈ કરાવે તે સહન કરવાની શક્તિ આપજે.

''તે પછીની એક ઊર્ધ્વ ભૂમિકા એવી છે જ્યાં પ્રાર્થના થતી જ નથી. 'પરમાત્મા જે કંઈ કરવું જરૂરી છે તે બધું જ કરે છે, તો મારે શેને માટે પ્રાર્થના કરવી?' પછી તે પોતાના સંતાનોની બધી જ જરૂરિયાતો

પૂરી પાડે છે એવી દૃઢ શ્રદ્ધા સાથે માણસ ચિંતામુક્ત થઈને ધ્યાનમગ્ન રહે છે.''

❑ ◆ ❑

**પહેરવેશ વિષે :**

એક મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા યુવકે પ્રશ્ન કર્યો : ''સાધુઓ શા માટે ખાસ પ્રકારનો વેશ ધારણ કરે છે, જટા રાખે છે, લાંબી દાઢી રાખે છે, ને એવું બધું કરે છે ? તે બધાંને આધ્યાત્મિકતા સાથે શો સંબંધ?''

**માતાજી :** ''તું કેમ વાળમાં તેલ નાખે છે, વચ્ચે સેંથી પાડીને અરીસામાં જોઈને માથું ઓળે છે? તું આવાં સરસ રીતે સીવેલાં, ધોઈને ઈસ્ત્રી કરેલાં પેન્ટ-શર્ટ શા માટે પહેરે છે? તું કોને રાજી કરવાની ઈચ્છાથી આ બધું કરે છે? તારું પોતાનું હોય અને તારા દમામદાર દેખાવથી તું જેને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરતો હોય એવું છે કોણ ? તું વિચારે છે : ''લોકો શું કહેશે?'' તને લોકોના અભિપ્રાયની બીક લાગે છે, તને એક સારા માણસ જેવા દેખાવું ગમે છે. તને સારો પોશાક પહેરીને તૈયાર થયેલા લોકો ગમે છે. એટલે તું તારી જાતને કહે છે : 'મારે પણ આવી રીતે તૈયાર થવું જોઈએ' આનાથી તને શા લાભની અપેક્ષા છે?''

**યુવાન વિદ્યાર્થી :** ''સ્વચ્છ અને સુઘડ દેખાવાથી મને સંતોષ થાય છે.''

**માતાજી :** ''બરાબર છે. તને એ ગમે છે. અને આવો સંતોષ તને શેના ભણી દોરી જશે? તું કહી શકશે?''

**યુવાન વિદ્યાર્થી :** ''કહેવું તો મુશ્કેલ છે.''

**માતાજી :** ''તને જવાબ મળતો નથી. આ બધી ટાપટીપ આત્મ-સંતોષ કાજે હોય છે. સાચો સાધક પોતાની ખોજમાં એવો તો મગ્ન હોય છે કે પોતાના દેખાવની પરવા કરે નહીં. એ પરમ તત્ત્વની ઝાંખી કાજે અધીરો હોય છે. એને પોતાના પહેરવેશની કાળજી રાખવાનો, નખ કાપવાનો, દાઢી કાતરવાનો ને એવું બધું કરવાનો સમય હોતો નથી. એના સમગ્ર સમયશક્તિ સાધનામાં વીતે છે તેથી એ જેવો તેવો દેખાવ લઈને

ફરે છે. એ વિચારે છે : 'રૂડા રૂપાળા દેખાઈને મારે કોને રાજી કરવાના છે?' સાધુ આત્મ-સાક્ષાત્કાર માટે નીકળી પડ્યો હોય છે, તેથી તેને માટે પોતાના દેખાવ વિષે વિચારવાનું કે તેને માટે સમય આપવાનું શક્ય નથી.

પુરાતન કાળમાં ઋષિઓ ગરમીની ઋતુમાં તકલીફ પડતી હોવા છતાં જટા રાખતા અને દાઢી વધારતા. જટા અને લાંબી દાઢી એ આત્મ-સાક્ષાત્કારને પંથે ચાલનારની બાહ્ય સંજ્ઞા બની ગઈ ઋષિત્વનાં ચિહ્નો બની ગયાં હતાં. એટલે ગમે તેટલી અગવડ પડે તોય ઋષિઓ તેને ધારણ કરતાં.

હવે આ પ્રશ્નને લગતી કોઈ શંકાઓ છે?

**યુવક :** ''સંન્યાસીના ખાસ પોશાકને કારણે શું એને પોતાની સાધનામાં મદદ થાય છે?''

**માતાજી :** તમે તમારા આનંદ માટે સારો પોશાક પહેરો છો, પ્રભુની નજીક જવાય એટલા માટે નહિ. સાચો સાધુ પરમ કૃપાની અનુભૂતિ માટે આતુર હોય છે. બધા સાધુઓ કંઈ સાચા હોતા નથી, એ ખરું. કેટલાક 'બાબુ સાધુ' હોય છે. તેમણે ભગવા પહેર્યાં હોવા છતાં તેઓ મનથી એકદમ દુન્યવી હોય છે.

''એક વાર અમે બસમાં મસૂરીથી પાછાં ફરતાં હતાં. અમારી બસમાં એક સાધુ મુસાફરી કરતો હતો. તેનો ચહેરો જાણે કે આંતરિક તેજથી ચમકતો ન હોય, તેવો દેખાતો હતો. લોકો તેનાથી અત્યંત પ્રભાવિત થઈ જતા હતા, પરંતુ પછીથી તે ગાલ પર રંગ લગાડતાં પકડાયો.

''મેં એક બીજા સાધુ વિષે પણ સાંભળ્યું છે. તેને ઘણા બધા ચેલાઓ હતા. એનું ચરણામૃત મધુર લાગે છે તેમ કહેવાતું. એક ડૉક્ટરને આ સાંભળીને થયું કે ચાલોને, ચાખી જોઈએ. લોકો ચરણામૃત લેવા આવે તે પહેલાં સાધુ હંમેશાં સ્નાન કરતો. પરંતુ ડૉક્ટરે પોતાને હાથે ચરણામૃત લેતાં પહેલાં પગ ધોવાનો તથા નખ કાપવાનો આગ્રહ રાખ્યો. પરિણામે ચરણામૃત મીઠું લાગ્યું નહીં. હકીકત એવી હતી કે જ્યારે જ્યારે સાધુ સ્નાન કરવા જાય ત્યારે ત્યારે પગના નખમાં સેકરીન લગાડી દે. આવી રીતે ભ્રમણા ભાંગી હોય એવા તો કેટલાય લોકોએ આ શરીર પાસે આવીને

આવી આવી કેટકેટલી રામકહાણી સંભળાવી છે.

''સંન્યાસીમાં ત્યાગની જ્વાળા પ્રજ્વલિત હોય છે તેના પ્રતીક રૂપે તે ભગવાં વસ્ત્રો ધારણ કરે છે અને આ જ્વાળામાં બધું જ એવું ભસ્મીભૂત થઈ ગયું છે કે માથા પર એકાદ વાળ પણ રહ્યો નથી, એની પ્રતીતિજનકતા દર્શાવવા માટે માથું મુંડાવી નાખે છે. બાહ્ય આચરણ અને પહેરવેશ વગેરે તેને પોતાને આ હકીકત સતત યાદ રહે તે માટે હોય છે. તમે એવું પૂછી શકો કે જેની એષણાઓ સાવ નાશ ન પામી હોય તેણે શા માટે સંન્યાસ લેવો જોઈએ. પરંતુ સંન્યાસ ''લેવો'' એક બાબત છે અને સહજ સમ્યક્ ન્યાસ, વિરક્તિનો અનુભવ આપોઆપ થવો તે બીજી બાબત છે. સંન્યાસ-દીક્ષા તમને સાચા સંન્યાસ તરફ, પરમ ત્યાગની ભાવના તરફ લઈ જવા માટેનું સાધન માત્ર છે.''

❑ ◆ ❑

**આહાર વિષે :**

**પ્રશ્ન :** ''એવું કહેવાય છે કે જે કંઈ ખાઈએ એની મન પર અસર પડે છે. આ વાત સાચી છે? મન અને આહાર વચ્ચે શો સંબંધ છે?''

**માતાજી :** ''મન અને આહાર વચ્ચે પરસ્પર ગાઢ સંબંધ છે. પેલે દિવસે કૃષ્ણાનંદ અવધૂતજીએ તમને આ વાત વિગતવાર સમજાવી. તમારાં શાસ્ત્રો પણ આ બાબતે ઝીણવટભરી સૂચનાઓ આપે છે. સાત્ત્વિક આહારથી સાત્ત્વિક ભાવોનો ઉદય થાય છે, રાજસિક આહારથી રાજસિક ભાવોનો, વગેરે. તેથી લોકો આહાર અંગેના ખાસ ખાસ નિયમોનું પાલન કરે છે. સાધનામાં બાધક નિવડે એવા એવા પદાર્થો માટે સાધકને અરુચિનો અનુભવ થાય છે. તાવ આવ્યો હોય તે પાણીને ઝંખે તેમ તેને અમુક ચોક્કસ પ્રકારના આહાર માટે ઈચ્છા થાય છે અને બીજા માટે અરુચિ થાય છે. પરંતુ બુદ્ધિથી વિચારીને પણ સાત્ત્વિક આહારને સ્વીકારી શકાય અને ધીમે ધીમે તેને માટેની રુચિ કેળવી શકાય.''

**પ્રશ્ન :** ''આપણે જોઈએ છીએ કે માણસ આહાર વગર જીવી

શકે નહીં. છતાં કહે છે કે તમારા જીવનકાળ દરમિયાન તમે અત્યંત અલ્પ માત્રામાં આહાર લેતાં હતાં, દાખલા તરીકે દિવસમાં બે વાર ચોખાના ત્રણ ત્રણ દાણા કે પછી એક શ્વાસમાં કોઈ ખવરાવે એટલું કે એવું કંઈક.''

**માતાજી :** ''એકવાર મારે વાહનમાં મુસાફરી કરવાની થઈ. ભીડ બહુ હતી. તેથી હું એક બહેનના ખોળામાં બેસી ગઈ. આ શરીરને એવો ખ્યાલ આવ્યો કે એને (તે બહેનને) ભાર લાગશે તેથી આ શરીર સાવ હળવું ફૂલ થઈ ગયું. વાહનમાંથી ઊતરી ગયા પછી આ શરીર જ્યારે જમીન પર બેઠું ત્યારે તેણે પોતાનું મૂલ વજન ધારણ કરી લીધું હતું. આ હતી યોગ ક્રિયા. આ એક વાત છે.

''બીજી વાત છે : હવામાં ઊડતા પતંગની એક સ્થિતિ એવી આવે છે કે એ સ્થિર થઈ જાય. તે વખતે તેની કમાન, ઢઢ્ઢો બધું જ સ્થિર થઈ જાય. ભલે પછી ઘણી વખત એ બધું નીચે પડી જાય તેવું બનતું હોય. એ જ રીતે સ્થિરતાની એક આંતરિક ભૂમિકા એવી હોય છે. જ્યાં છ મહિના છ કલાક જેવા લાગે. આ શરીર જ્યારે આવા અતિ અલ્પ આહાર પર જીવતું હતું ત્યારે સ્વાસ્થ્ય ઉત્તમ હતું. શરીર કલાકો સુધી ચાલી શકતું અને શ્વાસ લેવાની તકલીફ વગર આરોહણ પણ કરી શકતું. આકરાં ચઢાણ વાળી ટેકરી ચઢવાની હોય તો લોકો હાંફી જાય પરંતુ તે વખતે આ શરીરને કોઈ થાક કે નબળાઈનો અનુભવ થતો ન હતો. એવો ''ખયાલ'' આવ્યો હોત તો આ સ્થિતિમાં વર્ષો પર્યંત કે સમગ્ર યુગ પર્યંત રહી શકાયું હોત. પરંતુ આ પણ એક સ્થિતિ છે, એક ભૂમિકા માત્ર છે, યોગીની ભૂમિકા. આ શરીર પોતાની ઈચ્છાથી કશું કરતું નથી, પણ જે કંઈ થાય છે તે આપોઆપ થાય છે તેથી હવે તે બીજા સામાન્ય મનુષ્યોની જેમ વર્તે છે. એને પેટમાં ચૂંકાય છે, અને પગ દુઃખવા આવી જાય છે – બધું સરખું જ છે.

''વળી તે પછીનો મુદ્દો : દાણા કે ફળ ખાઈએ ત્યારે તેમાંની શક્તિ આપણામાં આવે. પરંતુ આ શક્તિ વધારે સીધેસીધી જ હાથવગી થઈ જાય તો કોઈ આહારની જરૂર પડતી નથી. જ્યારે સર્જન, પાલન

અને સંહાર કરવાની શક્તિ હોય ત્યારે ખાવું ન ખાવું એ તો કેટલી નાનકડી બાબત કહેવાય? ખરું ને?''

❑ ◆ ❑

**અલૌકિક શક્તિઓના ઉપયોગ અને દુરુપયોગ અંગે :**

**પ્રશ્ન :** ''ભૌતિક જગતમાં પરિણામો મેળવવા માટે, દાખલા તરીકે ધંધા માટે કે સંબંધો સુધારવા માટે કે એવી રીતે અલૌકિક શક્તિઓ વાપરવી યોગ્ય છે કે કેમ?''

**માતાજી :** ''ભગવદ્ શક્તિનો ઉપયોગ ભગવદ્-કાર્ય સિવાય કશા માટે કરવામાં આવે તો તે નકામી જાય છે. જે ઔષધનું જ્ઞાન મેળવે તે માંદાને સાજા કરવા માટે હોય છે, યંત્રવિદ્યાનો અભ્યાસ કરે તે યંત્રના ઉપયોગથી તેને લગતું કાર્ય કરવા માટે હોય છે. જો પરમ સત્યની ખોજ કરતાં કરતાં પ્રાપ્ત થયેલી શક્તિ ભૌતિક સિદ્ધિઓ પ્રત્યે વાળવામાં આવે તો તે મહાશક્તિનો પ્રવાહ રુંધાઈ જાય છે. આધ્યાત્મિક સાધનાના પરિણામસ્વરૂપે જે શક્તિ અંદર એકત્રિત થઈ હોય તે દુન્યવી બાબતોમાં વેડફી નાખવી ન જોઈએ. કેટલીક વિભૂતિઓને વિકસાવી શકાય. છતાં જે કંઈ છે તે સઘળું પરમાત્માની વિભૂતિ, એમની જ લીલા, એમની માયા નથી શું? આ રમતમાંથી તમે એની પાછળ રહેલા સત્ તત્ત્વને ન શોધો તો, જો જે શક્તિનું, ક્ષમતાનું તમને કૃપા કરીને વરદાન આપવામાં આવ્યું છે તેને તમે આ દિવ્ય શોધના હેતુ માટે ન વાપરો તો તમે વળી પાછા સંસારના માર્ગે આડા ફંટાઈ જાઓ અને એના અનિચ્છનીય, માઠાં પરિણામો આવે. એક વાર અમરપંથના યાત્રી બનીને તે માટેની શક્તિનું વરદાન પામ્યા પછી આ માર્ગના અનુસરણ પ્રત્યે ઉપેક્ષા સેવીને આડા અવળા રસ્તાઓ પર ભટકી જવાથી આધ્યાત્મિક ઉન્નતિ રુંધાઈ જાય છે. એનો અર્થ થાય છે ફરી પાછા સાંસારિક ઉપાધિઓમાં ફસાવું.''

''અલૌકિક શક્તિઓના આકર્ષણમાં પડી જવાની વૃત્તિથી સાવધાન રહેવું જરૂરી છે. ધારો કે કોઈએ એવી શક્તિ પ્રાપ્ત કરી કે જે બોલે તે સાચું પડે અથવા જે ઈચ્છા થાય તે ફળીભૂત થાય. તેથી શું? આ તો કેવળ એક ભૂમિકા થઈ. લોકોનો વિનાશ કરવા માટે કે લોકોનું કલ્યાણ

કરવા માટે આવી શક્તિઓ વાપરવાથી પરમ તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યેની ગતિ થવાને બદલે આ જ ભૂમિકા પર પડ્યા રહેવાય, ફસાઈ જવાય, તેવું બને. આવી શક્તિઓની ભૂમિ પર ફસાઈ જવું એ તો દિવ્ય શક્તિનો વ્યય છે. તે શક્તિઓ પ્રાપ્ત કર્યા પછી અંતિમ લક્ષ્ય પરથી દૃષ્ટિ જરાય ખસવી ન જોઈએ, પરંતુ અવિરત આત્મસાક્ષાત્કાર માટેના ઉદ્યમમાં રત રહેવું જોઈએ. એમ કરવામાં નિષ્ફળતા મળે તો વ્યવધાનો ઊભાં થાય અને અવનતિ પણ થાય.''

**કોઈક બીજાએ પૂછ્યું :** ''આવી દૈવી શક્તિઓ પ્રાપ્ત થાય તેની સાથે જ તેને આવા હીન હેતુઓ માટે પ્રયોજવાની ઈચ્છા અદૃશ્ય ન થઈ જાય?''

**માતાજી :** ''થોડીક શક્તિ પ્રાપ્ત થાય ત્યારે દુન્યવી, સાંસારિક હેતુની સિદ્ધિ માટે વાપરવાની લાલચ થઈ જાય તેમ બને. પરંતુ જ્યાં આત્માની - પરમાત્માની પરમ શક્તિ સ્વયં કાર્ય કરતી હોય ત્યાં વાત સાવ જુદી છે. ત્યાં દુનિયા સાથેનો દ્વૈતભાવ પણ અનુભવાતો નથી અને એવું બને કે ભૌતિક કક્ષાએ પણ આને પરિણામે પરિવર્તન જોવા મળે. આમાં કોઈ વ્યક્તિગત ઈચ્છા હોતી નથી, અને નિઃશંકપણે કેટલાંક ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે : જે વ્યક્તિ દ્વારા દિવ્યશક્તિ, મહાશક્તિ સ્વયંને અભિવ્યક્ત કરે છે તે વ્યક્તિ પોતે નમ્રતા, સહાનુભૂતિ, ક્ષમા અને કરુણાના ભાવોથી છલોછલ હોય છે. તેને કોઈ માટે પણ શત્રુતાનો અનુભવ થતો નથી. આવું બને ત્યારે શક્તિ સહજપણે, આપોઆપ પ્રયોજાય છે. જ્યારે પેલા કિસ્સામાં તો તેનો 'ઉપયોગ કરવામાં આવે' છે. જ્યારે જ્યારે તેનો 'ઉપયોગ કરવામાં આવે' ત્યારે ત્યારે 'કાર્ય' અને 'કર્તા' બન્ને જુદાં છે અને તેથી કરનાર કીર્તિ અને પ્રશંસાથી પર નથી. તેથી અવનતિનો ભય રહેલો છે.

❑ ◆ ❑

### અતિથિસત્કાર અને દાન વિષે :

**પ્રશ્ન :** ''માગે તેને દેવું અને આંગણે આવે તેનો સત્કાર કરવો તે ગૃહસ્થનો ધર્મ છે. એવું શાસ્ત્રોમાં લખેલું છે. છતાં અયોગ્ય હેતુ માટે વાપરે તેવાને ન આપવા પણ કહ્યું છે કેમ કે તેના કુકર્મોના ફળમાં દાતાનો

પણ હિસ્સો હોય છે. તો પછી આપણે કરવું શું? જો ન આપીએ તો ય પાપ લાગે અને દુષ્ટને અપાઈ જાય તો ય પાપ લાગે. જે કોઈ ભિક્ષા માગે છે તેના ચારિત્ર્યની ખાતરી કરવી આપણે માટે શક્ય નથી. અમે ગૃહસ્થો તો ખરેખર દુર્ભાગી છીએ. અમે આમ વર્તીએ કે તેમ વર્તીએ તો ય અમને તો બધી બાજુથી માર પડે.''

**માતાજી :** (હસતાં હસતાં) ''હા, તમારી વાત સાવ સાચી છે. જો સારી રીતે વાપરે એવાને ધન આપો તો એના પુણ્યમાં તમારો ભાગ પડે પણ એ જો દારુ પીવામાં વાપરે તો માઠાં પરિણામમાં તમારો ભાગ. ખરેખર બહુ મુશ્કેલ છે. એક જ રસ્તો ખુલ્લો છે. સર્વને બ્રહ્મસ્વરૂપ માનો. તેને એકને જ આપો તો તમારા કર્મના શુભાશુભ ફળમાંથી તમે મુક્ત. પરમાત્માનું સ્વરૂપ સમજીને કૂતરા-બિલાડાને કે વૃક્ષને પૂજો તો પણ કોઈ ફેર પડતો નથી. અતિથિ નારાયણનું સ્વરૂપ છે તેમ કહેવાય છે. તમે નારાયણ સ્વયં તમારે ઘરે પધાર્યા છે એવી ભાવનાથી અતિથિની સેવા કરો તો અતિથિ ગમે તે હોય, કોઈ ફેર પડતો નથી.''

''એક બ્રાહ્મણ હતો. તેણે પોતાની સાધના માટે નારાયણપૂજાની પસંદગી કરી. અતિથિને જમાડ્યા વગર અને તેનો નારાયણ સ્વરૂપને છાજે તેવો આદર સત્કાર કર્યા વગર પતિપત્ની કદી જમે નહીં. મરણ પથારીએ પડ્યા ત્યારે એ લોકોએ આ કર્તવ્ય પોતાના પુત્રને સોંપીને શ્રદ્ધાપૂર્વક પાર પાડવા વિનંતિ કરી. એણે આજ્ઞા માની. સવારના હોમ-હવન પૂજા વગેરે કર્યા પછી તે રસોઈ બનાવે, આસન પાથરે અને અતિથિના આગમનની પ્રતીક્ષા કરે. તેણે બ્રહ્મચર્યના પાલનનો નિર્ણય કર્યો હતો. પરંતુ મિત્રોએ તેને લગ્ન કરવાનો આગ્રહ કર્યો. પહેલાં તો એણે માન્યું નહિ પણ જ્યારે એ લોકોએ સતત આગ્રહ કર્યે રાખ્યો ત્યારે એણે કહ્યું; ''ઠીક, ભલે, તમે કહેતા હો તો હું લગ્ન કરું, પણ એક શરતે. મારી પત્ની જો મારી આજ્ઞા ન માને તો તેનું મસ્તક છેદી નાખું.'' મિત્રોએ આ ધમકીની ગંભીરતાને સ્વીકારી નહીં અને લગ્ન ગોઠવી દીધાં.

પેલાએ તો પોતાની પત્નીને રસોઈ બનાવીને અતિથિ દેવતાને જમાડીને પછી જ પોતાને જમવા બોલાવવાનું કહ્યું. પોતે જપ અને શાસ્ત્રપાઠ

કર્યા કરે. થોડા દિવસ તો બધું બરોબર ચાલ્યું, પરંતુ એક દિવસ અતિથિનું આગમન થયું જ નહિ. સંધ્યા ઢળવા આવી અને બિચારી નાનકડી ગૃહિણી તો ભૂખી તરસી આકુળ વ્યાકુળ થઈ ગઈ. સ્વામીને કોઈક રીતે અતિથિદેવ આવીને જમી ગયા એવું કંઈક કહી દેવાય કે કેમ તે વિચારવા લાગી. પરંતુ પતિ જાણી જાય તો જાનનું જોખમ, એમ સમજીને મનમાં સમસમીને બેસી રહી. ત્યાં જ એક માણસ ગાયનું મસ્તક લાકડી પર લટકાવીને ઘરમાં પ્રવેશ્યો, કહે કે આને કાપીને ટુકડા રાંધ. પેલીએ તો કોઈ દિવસ આવું રાંધેલું નહીં અને કેમ કરવું તેની સૂઝ પણ ન પડે. પરંતુ તે મહેમાને પોતે તેને માર્ગદર્શન આપ્યું અને તેણે પોતાની જુગુપ્સાને દબાવી રાખીને પતિ નારાજ ન થાય તે ભયે કમને પેલું રાંધ્યું. અતિથિને માંસ પિરસાયું તો કહે પહેલાં તું ચાખ. બ્રાહ્મણની દીકરી, એવી સૂગ ચડે ! ગૌમાંસ તે ખવાય ! પરંતુ ભયભીત હોવાથી બિચારી ચાખવા તૈયાર થઈ. કોળિયો હાથમાં લીધો કે કહે : ''પહેલાં તારા પતિને બોલાવ.'' કોળિયો નીચે મૂકી, હાથ ધોઈ પતિના ઓરડે ગઈ. તો પતિ કહે : ''રાત પડવા આવી છે. અતિથિદેવને જમાડ્યા? એ સંતુષ્ટ થઈને ગયા?'' ''ના'' પેલી કહે ''એ તો જમ્યા નથી ને પહેલા તમને બોલાવવાનું કહે છે.'' ''તો તેં શું ભૂલ કરી છે ?'' પેલો ગર્જ્યો. ''હવે તારું મસ્તક મારે છેદવું પડશે.'' અતિથિને શું જોઈએ તે જોવા ગયાં તો પેલો ગાયનું માથું લાવેલો તે ન મળે ! તેને સ્થાને શ્રી રાધાકૃષ્ણની યુગલમૂર્તિ અતિથિના આસન પર બિરાજમાન હતી.

''ગહન શ્રદ્ધા હોય તો હરિનાં દર્શન થાય. આ વાર્તા આ વાત ભારપૂર્વક સમજાવે છે. જે બ્રાહ્મણ યજમાનના નિયમો ન પાળે તેવો શુદ્ર અતિથિ હતો તેમાંથી પ્રભુ પ્રગટ થયા. પ્રત્યેક અતિથિને નારાયણનું સ્વરૂપ માનશો તો તમને અને તેને પોતાને બન્નેને લાભ થશે.''

❑ ◆ ❑

**નિદ્રા વિષે :**

**પ્રશ્ન :** ''નિદ્રા પર પ્રભુત્વ કેવી રીતે પ્રાપ્ત થાય?''

**માતાજી :** ''નિદ્રા પર આધિપત્ય મેળવી શકાય નહિ છતાં કેટલાંક

સંજોગોમાં નિદ્રાની આવશ્યકતા સ્વયં અદૃશ્ય થઈ જાય છે. કશામાં બહુ રસ પડી જાય ત્યારે તમને ઊંઘ નથી આવતી, ઊલટું તમે પ્રયત્ન વગર પણ એકદમ જાગૃતિ અનુભવો છો, પરંતુ પછીથી તેના પ્રત્યાઘાતરૂપે તમારે વધારે ઊંઘ લઈને ગુમાવેલી ઊંઘને પૂરી કરવી પડે છે. પૂરતી નિદ્રા ન લીધી હોય તો કામ પણ સારું થતું નથી. તો વળી સરસ ઊંઘ થઈ જાય તો તમે તાજા થઈ જાઓ છો. ચોવીસ કલાકમાંથી થોડા તો ઊંઘમાં ગાળવા જ પડે, નહિ તો થાક અને કંટાળાનો અનુભવ થાય. આમ શા માટે? ગાઢ નિદ્રા દરમિયાન ઈન્દ્રિયોની પ્રવૃત્તિનું શમન થાય છે. વળી, અવિદ્યાનું આવરણ હોવા છતાં આત્માનુસંધાન તો થાય જ છે. આવું દિવસમાં એકાદ-વાર ન બને તો જીવન અસહ્ય બની જાય, યંત્રણા જેવું બની જાય. સામાન્ય વ્યક્તિની બાબતમાં આમ છે.''

''પરંતુ જેમ જેમ સાધનામાર્ગ પર વિકાસ થતો જાય તેમ તેમ ઈન્દ્રિયોના વ્યાપારોનું શમન આપોઆપ થાય અને પોતાની જાતની-આત્માની નજીક જવાય. જેટલે અંશે આત્માની ઓળખ થાય તેટલે અંશે નિદ્રાની આવશ્યકતા ઘટે. જ્યારે આત્મસાક્ષાત્કાર થાય, સચ્ચિદાનંદ સ્વરૂપમાં લીન થઈ જવાય ત્યારે કાર્ય કરવાનો, અનુભવ કરવાનો કે નિદ્રાનો પ્રશ્ન રહેતો જ નથી કેમ કે દ્વૈતભાવ છે જ નહીં, એક સિવાય બીજું કંઈ છે જ નહીં ! પછી તમારે માટે નિદ્રાનું અસ્તિત્વ રહેશે નહીં. તમે તેની સીમાને પેલે પાર હશો. તેથી જ મેં એમ કહીને આરંભ કર્યો કે નિદ્રાને જીતી શકાતી નથી, તે તો આપોઆપ અટકી જાય છે, તેની આવશ્યકતા સહજ શમી જાય છે. છતાં પણ યોગી તેનામાં યોગ દ્વારા જાગ્રત થયેલી દિવ્ય શક્તિ દ્વારા નિદ્રા પર પ્રભુત્વ મેળવી શકે એ પણ સાચી વાત છે. પરંતુ જે આત્મસ્થ થઈ જાય છે, આત્મામાં સ્થિત થાય છે તેને માટે નિદ્રાનો પ્રશ્ન પછી ઉદ્ભવતો જ નથી.''

''વ્યક્તિને કેટલી માત્રામાં નિદ્રા જોઈએ તેનો આધાર ઘણી બધી બાબતો પર છે. તમોગુણનું આધિક્ય હોય ત્યારે વધુ નિદ્રાની આવશ્યકતા હોય છે અને જ્યારે શરીર નબળું કે માંદું હોય ત્યારે પણ. આહારના પ્રકાર પર પણ નિદ્રાની માત્રાનો આધાર છે.''

**પ્રશ્ન :** ''આપણે આળસને કારણે વધારે ઊંઘ લઈએ છીએ કે શરીરની નબળાઈને કારણે ઊંઘવું જરૂરી બને છે તે કેવી રીતે ખબર પડે?''

**માતાજી :** ''તમે તમારી જાતનું બરાબર કાળજીપૂર્વક નિરીક્ષણ કરશો તો તમને તરત જ ખબર પડશે.''

❑ ◆ ❑

**પ્રેમ અને મોહ :**

**પ્રશ્ન :** ''પ્રેમનો તીવ્રતમ અનુભવ કરવાથી આત્મસાક્ષાત્કાર થાય?''

**માતાજી :** ''હા, પ્રેમ, ભગવાન માટેનો પ્રેમ એ નિશ્ચિતપણે એક માર્ગ છે, પરંતુ સામાન્ય રીતે આપણે મોહને પ્રેમ માનતાં હોઈએ છીએ. બે જીવની વચ્ચે સાચો પ્રેમ હોઈ શકે નહીં. જે પોતે જ અવિદ્યાથી ગ્રસ્ત છે, અશુદ્ધ છે તેવા જીવ પાસેથી શુદ્ધ પ્રેમ કઈ રીતે પ્રાપ્ત થાય? આ શરીરની પાસે લોકો આવી આવીને કહે છે અમુક વ્યક્તિ માટે મારો પ્રેમ સાચો છે, દુન્યવી નથી એ લોકો પોતાની જાતને છેતરે છે. જે કંઈ મર્ત્ય છે, મરણશીલ છે, તેને માટેનો પ્રેમ તે હંમેશ મોહ હોય છે અને તે મૃત્યુ ભણી લઈ જાય છે. જ્યારે તમારું પ્રિય પાત્ર તમને પ્રાપ્ત ન થાય ત્યારે તમે કાં તો તેને મારી નાખવા ઈચ્છો છો અથવા ખુદ મરી જવા ઈચ્છો છો. જ્યારે ભગવાન માટેનો પ્રેમ તો તમને મૃત્યુના મૃત્યુ સુધી, અમરત્વ સુધી પહોંચાડે છે.

''તેથી કહેવાય છે કે ગુરુને વ્યક્તિ સ્વરૂપે જોવા તે પાપ છે. ગુરુને પરમાત્મારૂપ માનીને પ્રેમ અને આદર આપો. થોડા સમય પહેલાં એક બહેન આ શરીર પાસે આવી. તેના ગુરુનું દેહાવસાન થયું હોવાથી તે સ્વયં આત્મહત્યા કરવા માગતી હતી. મેં તેને કહ્યું : ગુરુ તે કદી મૃત્યુ પામે? તેમણે શરીર ત્યાગી દીધું એનો અર્થ એવો નથી કે એ સ્વયં છે જ નહિ. ગુરુ તો સર્વવ્યાપી છે, બધે જ છે અને શિષ્યને કદી છોડતા નથી. ગુરુની મહાસમાધિ પછી તું શોકને કારણે આત્મહત્યા કરવા ઈચ્છે છે એનો અર્થ એ થાય કે તું ગુરુને વ્યક્તિ તરીકે ચાહે છે, ગુરુ તરીકે નહિ. આ સ્ત્રીને આ હકીકતની પ્રતીતિ કરાવવી સહેલી નહોતી અને

એ આ આસક્તિમાંથી છૂટી તે પહેલાં તેને ઘણાં કષ્ટ, ઘણી પીડા, પારાવાર મુશ્કેલીમાંથી પસાર થવું પડ્યું.

"લોકો ઘણી વાર પોતાના ગુરુના પ્રેમમાં પડી જાય એવું બને છે. ગુરુની જે ભૂમિકા હોવી જોઈએ એ ભૂમિકાએ પહોંચેલા ગુરુ હોય તો તે શિષ્યના પ્રેમને યોગ્ય દિશામાં વાળે, દિવ્ય પ્રત્યે અભિમુખ કરે. પરંતુ જો તે પોતે જ વ્યક્તિગત અહંકારની ભૂમિકા ન ઓળંગી ગયા હોય તો કુદરતી રીતે જ તકલીફો ઊભી થાય. બિનઅનુભવી કન્યાઓ, બાળવિધવાઓ કે પછી પરિણીતાઓ પણ આવા કહેવાતા ગુરુઓ દ્વારા અવળે રસ્તે દોરાઈ હોય એવા કેટલાય દાખલા આ શરીરે જોયા છે.

"ગુરુને તન, મન અને હૃદયપૂર્વક આત્મસમર્પણ કરવાની શાસ્ત્રોમાં સૂચના છે. તનના સમર્પણનો અર્થ ભૌતિક રીતે દેહનું સમર્પણ કરવું એવો થતો નથી પણ પોતાની વાસનાઓ, ઈચ્છા – આકાંક્ષા ગુરુચરણે અર્પણ કરી દેવી એવો થાય છે. જો કોઈ આ બાબતમાં ગેરસમજણ કરે તો તેની પાસે દીક્ષા ગ્રહણ કરી હોવા છતાં એ તમારા ગુરુ નથી એવું આ શરીર તમને કહે છે. એને છોડીને ગંગામાં સ્નાન કરી પવિત્ર થઈને જાગ્યા ત્યારથી ફરી શુભ આરંભ કરવો જોઈએ. જો કે મંત્ર કંઈ અશુદ્ધ થઈ શકે નહીં છતાં પણ એ પેલી ખોટા ગુરુની સ્મૃતિ સાથે અવિચ્છિન્નપણે જોડાયેલો હોવાથી તેને પણ ત્યજવો પડે એવાં ઉદાહરણો પણ છે. આવું બને ત્યારે એ મંત્ર બદલવાની સલાહ છે.

"લોકો કહેવાતાં પ્રેમલગ્નો કરે છે, પણ કેટલાક કિસ્સામાં બંને પક્ષે ભ્રમણા ભાંગ્યા પછી બન્ને અલગ અલગ આ શરીર પાસે રોતા-કકળતા પશ્ચાતાપ કરવા આવે છે."

**આપણા દિવંગત સ્વજનો પાછળ કેવું વલણ દાખવવું જોઈએ તે વિશે :**

**પ્રશ્ન :** "મૃત વ્યક્તિને વારંવાર નામ દઈને પુકારવી, તેનું ચિત્ર રાખવું અને તેનું સ્મરણ કરવું તે સારું છે કે નહિ?"

**માતાજી :** "સાથે સાથે જે કંઈ સાંસારિક સુખોપભોગ કર્યો હોય તેના અભાવનો અફસોસ કરી કરીને તે વ્યક્તિની પાછળ શોક કરવો એ તો ગત વ્યક્તિ માટે અને શોક કરનાર બન્ને માટે અયોગ્ય છે. બીજી

બાજુ આ સ્મરણ જો પૂજન બની જાય તો, જેમ કે પત્ની સ્વર્ગસ્થ પતિને પરમાત્મા સમજીને સ્મરે, એનું ચિત્ર રાખે તો પતિ અને પત્ની બન્નેનું કલ્યાણ થાય કેમ કે આમેય પતિમાં પ્રભુને જોવા એ પત્નીનું કર્તવ્ય છે.''

''એક દંપતિએ પોતાની લાડકી દીકરીને પરણાવવાની તૈયારી કરી ત્યાં જ તેને ગુમાવી. બંને હતાશાથી ભાંગી પડ્યા. માતાએ વૈધવ્યનો વેશ ધારણ કરી લીધો અને પિતા પણ અનેક પ્રકારના આનંદપ્રમોદનો ત્યાગ કરી પુત્રીના ચિરવિરહના ગહન શોકમાં ડૂબી ગયા. એનું આદમ-કદનું ચિત્ર ચિતરાવ્યું અને માત્ર એના સ્મરણમાં જ જીવન વિતાવવા લાગ્યા. ભોજન લેતાં પહેલાં દીકરીને ધરાવીને જ ખાય ને એવું બધું. આ શરીરે એ બન્નેને કહ્યું : ''કેટલાંક પુષ્પો ખીલીને ફળ આપ્યાં પહેલાં ખરી જાય છે તેમ તમારી પુત્રી કશામાં લેપાયા વિના, નાની ઉંમરમાં, નિર્મલ, નિર્દોષ અવસ્થામાં જ ચાલી ગઈ. એને હરિની લાડલી માનો. એના ચિત્ર પાસે ભગવાનનું ચિત્ર રાખો, ત્યાં ધૂપ-દીપ કરો, પાઠ-પૂજા અને ધ્યાન માટે એ સ્થળ અબાધિત રાખો.'' બેમાંથી એકેય ધાર્મિક વૃત્તિવાળાં ન હતાં પરંતુ આ ખાલીપા પ્રત્યે આવું વલણ દાખવવાથી તેમનો એ દિશામાં વિકાસ થયો. આ શરીરે એ બંનેને કહ્યું : ''તમારી દીકરી તમારી ગુરુ બની. એણે તમને ભગવદ્-અભિમુખ કર્યા.'' આ કિસ્સામાં આખા પરિવારને લાભ થયો.

❑ ◆ ❑

**ત્યાગ વિશે :**

કોઈને જાણવું હતું કે વૈરાગ્ય કેવી રીતે લાવવો, ''જો સહજપણે આવે તો તો વાંધો નહીં.'' એમણે પૂછ્યું, ''પરંતુ જે બે દિશામાં ખેંચતાણ અનુભવતા હોય, જેનું મન બે બાજુ ઝોલાં ખાતું હોય એને બધું ત્યજવામાં સહાય કઈ રીતે થઈ શકે?''

**માતાજી :** ''તમને મિષ્ટાન્ન ભાવતું હોય અને એ જો તમારી સાધનામાં વચ્ચે આવતું હોય તો નક્કી કરો કે બે દિવસ મીઠાઈ નહીં ખાઉં, પછી ખાઈશ. બે દિવસ ગળપણ વિના ચલાવી લઈશ. આમ કરવાથી ટેવ છૂટશે.''

"વિદ્યાર્થી અભ્યાસમાં હોશિયાર અને બુદ્ધિશાળી હોય તો તો કંઈ વાંધો નહીં પણ જે છોકરો મૂર્ખ અને આળસુ હોય એને પણ કુશળ શિક્ષકની સહાયથી પરીક્ષા પાસ કરવી શકાય છે. છતાં પણ અપરાવિદ્યામાં કોઈ કાળે કુશળતા પ્રાપ્ત ન કરી શકે તેવા, ભણવામાં સાવ ઠોઠ લોકો ઘણાયે છે, પરંતુ અધ્યાત્મમાં, પરાવિદ્યામાં આવું હોઈ શકે નહિ કેમ કે અંતે તો પ્રત્યેકને, અપવાદ વિના મનુષ્યજીવનના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું છે જ. તેથી એને જો યોગ્ય ગુરુ મળી જાય તો કોઈને કોઈ સાધન દ્વારા એને સાધ્ય સુધી પહોંચાડી શકાય છે."

"કેટલાંક પરિબળો એકત્રિત થાય તો માણસને કુટેવો કે દુર્ગુણોમાંથી મુક્ત કરાવી શકાય એવા કિસ્સા પણ ઘણા જોવા મળે છે. એનું એક ઉદાહરણ નીચેની વાતમાં છે."

"આશ્રમની ભૂમિપર ધૂમ્રપાન નિષિદ્ધ છે. એક સમયે જ્યારે આ શરીર કિશનપુર આશ્રમમાં રહેતું હતું, ત્યારે એક ટૂંકી મુલાકાતે આવેલા ભક્ત બહાર રસ્તા પર ધૂમ્રપાન કરવા ગયા. એણે સિગરેટ સળગાવી કે તરત જ આ શરીરને એમને કંઈક કહેવાનું થયું ને એમને બોલાવ્યા. સિગરેટ બુઝાવીને એ અંદર પાછા આવ્યા. અમારી વાત પૂરી થઈ કે તરત જ એ પાછા બહાર ગયા ને પાછી સિગરેટ સળગાવી પણ એ જ ક્ષણે કોઈએ એમને કહ્યું કે મા તમને બોલાવે છે. યોગાનુયોગ હોય કે પછી ગમે તે હોય પણ આવી પરિસ્થિતિ વારંવાર ફરી ફરીને ઉપસ્થિત થઈ ને અંતે એમને એવો તિરસ્કાર છૂટ્યો કે સિગરેટ સળગાવવાને બદલે એમણે આખું પૅકેટ ફેંકી દીધું અને ફરી ક્યારેય સિગરેટ પીધી નહીં. એમના એક પાક્કા દોસ્તને એમણે આ કથની કહી કે તરત જ પેલાને પણ એવો જ તિરસ્કાર અનુભવાયો અને એણે પણ આ વ્યસનમાંથી મુક્તિ મેળવી."

"આ પ્રકારનો એક બીજો પ્રસંગ પણ બન્યો હતો. થોડાં વર્ષ પહેલાં આ શરીર વારાણસીમાં ગંગા નદીમાં એક હોડીમાં (હાઉસબોટમાં) નિવાસ કરતું હતું. આ શરીરને હાથમાં પીડા થતી હતી. એક અંતેવાસીએ પોતાના જાણીતા એક ડૉક્ટરને બોલાવવાની રજા આપવા વિનંતી કરી. ડૉક્ટર આવ્યા જ્યારે આવ્યા ત્યારે તેઓ સિગરેટની તીવ્ર ગંધમાં વિંટળાયેલા હતા

તેવું આ શરીરે નોંધ્યું. તેઓ સતત ધૂમ્રપાન કરનાર હતા તેવું આપોઆપ સિદ્ધ થતું હતું. આ શરીરે તેમને પોતે કરેલા નિરીક્ષણનો પેલાને ખ્યાલ આવે એવી કોઈ ટીકા ન કરી, કોઈ ઉદ્ગાર કે હાવભાવ ન કર્યા. તેમણે દવા લખી આપવા માંડી પરંતુ આ શરીર દવા લેતું ન હોવાથી કંઈ થઈ શકે તેમ ન હતું. થોડી વાર પછી તેઓએ વિદાય લીધી.''

''ઘર ભણી જતા જતા એમણે સિગરેટ સળગાવી. પોતાને તેને માટે સૂગ ચડતી જોઈને તે પોતે જ આશ્ચર્યચકિત થઈ ગયા. એમને ધૂમ્રપાન કરવાની ઈચ્છા જ થતી ન હતી. ઘરે પહોંચ્યા પછી ફરી સિગરેટ સળગાવી તો ફરી એવો જ અણગમાનો અનુભવ થયો. તેમણે ફરી ક્યારેય સિગરેટ પીધી નહિ. તેની તલબ બસ એમ જ છૂટી ગઈ.''

''જ્યારે આ રીતે કૃપાનો પ્રવાહ વહે અને ઘટનાઓ બન્યા કરે ત્યારે કશું જ કરવાની આવશ્યકતા રહેતી નથી અને કશું જ થઈ શકતું પણ નથી. પરંતુ તેમ છતાં સાથે સાથે દૃઢ સંકલ્પ અને સતત પુરુષાર્થ દ્વારા પણ ઘણું બધું કરી શકાય છે.''

❑ ◆ ❑

**પ્રશ્ન :** ''ઘરબાર છોડીને સત્યની શોધમાં નીકળી પડવું માણસને માટે યોગ્ય છે કે નહિ?''

**માતાજી :** ''જે ભૂમિકાએ કર્તવ્યાકર્તવ્યનું ભાન હોય અને તેની પ્રેરણાથી કાર્યો થતાં હોય ત્યારે તે પરિવારનો ત્યાગ કરે નહિ, કરી શકે પણ નહિ. એણે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં રહીને ગૃહસ્થના નિયમોનું પાલન કરવું જોઈએ. પરંતુ જેમ સળગતા ઘરમાં કોઈ રહી શકે નહીં તેમ પોતાના ઘરમાં આગ લાગી છે અને બળતા ઘરમાં રહેવું શક્ય જ નથી તેમ અનુભવાય એવી પણ ભૂમિકા હોય છે. આવો ન અવગણી શકાય એવો અંતરનો સાદ ભગવાન બુદ્ધને સંભળાયો. એવા બીજા પણ ઘણી પ્રસિદ્ધ વ્યક્તિઓનાં ઉદાહરણો છે. તો શું તમે એમ કહેશો કે ભગવાન બુદ્ધે ખોટું કર્યું?''

**પ્રશ્ન :** ''ઘરબારનો ત્યાગ કરીને, સંન્યાસ લેવો જ છે એમ ક્ષણિક વિરક્તિનો અનુભવ કરીને નીકળી પડ્યા હોય ને થોડા સમય પછી ભૂલ

સમજાઈ હોય એવાં પણ અનેક ઉદાહરણો છે. સંન્યાસ જીવનમાં સહન કરવા પડતાં કષ્ટોને કારણે તેમનો આધ્યાત્મિક વિકાસ સ્થગિત થઈ જાય છે. આવા લોકો માટે ઘરમાં પાછા ફરીને કામધંધે લાગવું જ વધુ સારું કહેવાય ને?''

**માતાજી :** ''એકવાર માણસ સંસારનો ત્યાગ કરીને સંન્યાસ લે પછી સાધનામાં પ્રગતિ કરે કે ન કરે છતાં એણે પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે આ જીવન સ્વીકાર્યું તે તો હકીકત છે. કંઈ નહીં તો ગૃહત્યાગ કરતી વખતે તો તેને પરમની ખોજમાં જીવન સમર્પિત કરવાની તીવ્ર આકાંક્ષાનો અનુભવ થયો છે. એનો વિકાસ ન થઈ શકે તો તેને ઘણું સહન કરવાનું જરૂર આવે. એને ભૂખે મરવાનું આવે, માથે છાપરું પણ ન હોય અને કદાચ કોઈ વૃક્ષની છાયામાં એકલા અટૂલા મૃત્યુ પામવાનું પણ આવે, કોઈ સાર-સંભાળ લેનાર ન હોય. પરંતુ પરમાત્માની પ્રાપ્તિ માટે આટ-આટલું કષ્ટ વેઠ્યા પછી બીજા જન્મમાં એની આધ્યાત્મિક યાત્રા જ્યાં છૂટી હતી ત્યાંથી જ આગળ ચાલે છે, અને આ જન્મે સફળતા મળે તેવી પણ આશા છે. વળી,  આ સંસારમાં રહીને જીવે તેને પણ દારિદ્રય આધિ-વ્યાધિ ઉપાધિ વગેરે સહેવાં નથી પડતાં શું? છતાં આત્માની શોધના હેતુથી આવાં કષ્ટો ન સહ્યાં હોય તો તેનો કોઈ ખાસ લાભ નથી. છતાં આને લગતો કોઈ જડબેસલાક નિયમ બનાવી ન શકાય. પ્રત્યેકને માટે એક જ નિયમ ન હોઈ શકે. પરિવારને છોડીને નીકળ્યા પછી પાછા ત્યાં જ જવું પડે એવી ઘટનાઓ પણ ઘટી છે.''

''ઘણાં વર્ષો પહેલાં એક સાધુ આ શરીર પાસે આવ્યો. એ યુવાન હતો, ત્રીસેકની આજુબાજુનો હતો. એ ચિંતાગ્રસ્ત અને માંદો દેખાતો હતો, કહે, ''મારે તો ધર્મસંકટ આવ્યું છે. પૂરા એક મહિનાથી હું નથી તો પૂરું ઊંઘ્યો કે નથી સરખી સાધના કરી. ગંગાકિનારે મારી સમસ્યાના નિરાકરણના વિચારો કરતો ભટક્યા કરું છું. ક્યારેક ખાઉં છું ને ક્યારેક તો એ ય ભૂલી જાઉં છું.'' પછી એણે એની રામકહાણી કહી. લગભગ પંદર-સોળ વર્ષની ઉંમરથી મા-બાપને છોડીને સાધુનું જીવન જીવવા માંડ્યું . વિધિવત્ સંન્યાસ ધારણ કર્યો ન હતો. પોતાની મરજીથી જ ભગવાં

પહેરવા માંડ્યો હતો. થોડા વખતમાં જ ભિક્ષાન્ન માગી માગીને ખાવાનો કંટાળો આવ્યો. એને સિલાઈકામ આવડતું હતું. થયું કે થોડું સાવ જરૂરિયાત જેટલું જ દરજીનું કામ કરી લઈશ ને બાકીનાં વખતમાં સાધન-ભજન કરીશ. થોડો સમય આમ ચાલ્યા કર્યું. ધ્યાનથી સાંભળો, આજીવિકા જેટલું જ કમાવાનો એનો હેતુ હતો, સંસાર-વ્યવહારમાં પડવાનો નહિ. પરંતુ મનુષ્ય વાતાવરણની અસરથી લિપ્ત થયા વગર રહી શકતો નથી. એક દિવસ એક ઉંમરલાયક હસ્તરેખાશાસ્ત્રી સાથે તેની મુલાકાત થઈ ગઈ. તેનો હાથ જોઈને કહે : ''તારા નસીબમાં તો લગ્ન છે, તું લાંબો સમય આ રીતે રહી નહિ શકે.''

''આ સાંભળ્યા પછી પેલા યુવાન સાધુને થયું કે જો આ વિધિનિર્મિત હશે તો તો એમ જ થશે. પેલા વૃદ્ધ સજ્જને તો તેની ભાવિ પત્નીનું વર્ણન પણ કર્યું અને ધીમે રહીને પોતાની પુત્રી તેને આપવાનું સૂચન કર્યું. લગ્ન તો થયાં, પણ બાર કે તેર વર્ષની કાચી વયની કન્યાને મા તો હતી નહીં એટલે બાપની માયા વધારે હતી. એણે પોતાના વરની કોઈ સારસંભાળ ન લીધી કે ન તો એની સાથે હળી-મળીને રહી. દોઢેક વર્ષ સુધી આ પ્રમાણે ચાલ્યું. અંતે પેલો યુવાન આવી વિચિત્ર પરિસ્થિતિથી કંટાળ્યો અને આમાં ફસાઈ જવા બદલ પશ્ચાતાપ કરવા લાગ્યો. આથી ફરી તે ઘર છોડીને નીકળી પડ્યો અને સાધુનું જીવન ગાળવા લાગ્યો. આ શરીરને મળ્યો તેના પાંચ-છ વર્ષ પહેલાં આ બધું બની ગયું હતું. એણે કહ્યું : ''શરૂઆતમાં તો બધું સરસ ચાલ્યું પણ થોડા સમયથી એક જ વિચારે મનનો કબજો લઈ લીધો છે કે જો મારી હવે વયમાં આવેલી યુવાન પત્ની કોઈ અનીતિના માર્ગે જશે તો દોષ મને લાગશે. આ ચિંતા મને એટલી હદે થાય છે કે મને એમ થાય છે કે મારે માટે સાધુજીવન યોગ્ય છે કે પછી પત્ની પાસે જતા રહેવું વધુ સારું છે?'' આ પરિસ્થિતિ જોતા આ શરીરને એમ થયું કે એ જો માંદો પડીને મૃત્યુ પામે તો એની છેલ્લી ક્ષણે એને ભગવાનનો નહીં પરંતુ એની પત્નીનો વિચાર આવશે અને એ તો યોગ્ય જ નથી. વળી એણે વિધિવત્ સંન્યાસ તો લીધો નથી. તેથી મેં તેને સાદાં વસ્ત્રો ધારણ કરીને પત્ની પાસે જવાની સલાહ આપી.

એ બહુ કુશળ દરજી હતો. એ કલકત્તા ગયો અને દરજીનો ધંધો કરવા લાગ્યો. ''મારા પુત્રને દંડી સ્વામી બનાવીશ !'' એમ એ કહેતો પરંતુ એને કદી પુત્ર થયો કે નહીં એની આપણને ખબર નથી.''

❑ ◆ ❑

**પ્રશ્ન :** ''ધારો કે વ્યવસ્થિત સંન્યાસીને ગૃહત્યાગ કરવા બદલ પશ્ચાતાપ થાય તો તેણે શું કરવું જોઈએ?''

**માતાજી :** ''આ શરીરે હજી સુધી ક્યારેય કોઈ સંન્યાસીને ગૃહસ્થાશ્રમમાં પાછા ફરવાની સલાહ આપી નથી. જેને સંન્યાસ-દીક્ષા મળી છે, મંત્ર તથા ગુરુની પ્રાપ્તિ થઈ છે, તેને માટે તો માર્ગ તૈયાર છે. બહુ આગળ વધાય કે ન વધાય તો પણ તેણે તો પોતાના પ્રયત્નોમાં જરા જેટલી પણ ઢીલ ન મૂકવી જોઈએ, પછી ભલે તેમ કરતા પ્રાણ જાય.''

❑ ◆ ❑

## માતાજીના શ્રીમુખેથી સાંભળેલી ત્રણ દૃષ્ટાન્ત કથાઓ :

### માટીના કુંભની આત્મકથા :

(ક્યારેક જે દેવની પૂજા કરવાની હોય તેની મૂર્તિને બદલે ગંગાજળ ભરેલા કળશ કે કુંભની સ્થાપના કરી તેમાં વિધિવત્, મંત્રોચ્ચાર વગેરે દ્વારા પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે.)

**શ્રી માતાજી બોલ્યાં :** ''એક વાર એક માટીના કુંભમાં એક મહાત્માએ પ્રાણ પ્રતિષ્ઠા કરી. એ કુંભે પોતાની આત્મકથા કહી. ''પહેલાં તો હું ધરતીનો જ એક અંશ હતો. એકવાર એક માણસે પાવડાથી મને ખોદી કાઢ્યો. એટલી બધી પીડા થઈ. પછી મને ઉપાડીને એક જગ્યાએ લઈ જઈને એક ખૂણામાં ઢગલો કરીને નાખ્યો. મને થયું કે હાશ ! હવે તો મને પાછી શાંતિ મળશે. અરેરે! એવું માનવામાં તો કેવી ભૂલ હતી. બીજે દિવસે સવારે હથોડા લાવીને મારો ઝીણો ભૂકો કર્યો. મારી તો શું હાલત થઈ છે ! હશે ! મને થયું કે હવે તો શાંતિ મળશે એવી આશા રખાય ને ! ના, ના, મારે

તો હજુ કેટલી પીડા ભોગવવાની હતી ! બીજે દિવસે પાણી મેળવીને મને પગેથી બરાબરનો ગૂંદ્યો. આ યાતના પૂરી થયા પછી તો મને એવી અપેક્ષા હતી કે કાયમી શાન્તિ ! ત્યાં તો...પીડાને શું કોઈ અંત જ નહીં હોય ! મને કુંભારને ચાકડે ચડાવીને ગાંડા થઈ જવાય એટલી ઝડપથી ચક્કર ચક્કર ફેરવ્યો, તે જ્યાં સુધી હું આ કુંભ ન બન્યો ત્યાં સુધી ઘુમાવ્યો. પછી તો મને ખાતરી થઈ ગઈ કે હવે તો કોઈ મને વીતાડશે નહિ. પણ વળી પાછી મારી ભૂલ હતી. મારા નસીબમાં એક નવી જાતની પીડા લખેલી હતી. દરરોજ મને ધોમધોખતા તાપમાં મૂકતા અને રાત્રે ઘરમાં લઈ લેતા. થોડા દિવસો સુધી આ રીતે ચાલ્યું ને અંતે જે થયું એ તો એથીયે મોટું દુર્ભાગ્ય હતું. એક દિવસ સવારના પહોરમાં મને ભઠ્ઠીમાં નાખીને પકવ્યો. આખા શરીરે બળતરા થતી હતી. પછી તો મને થયું કે હશે, હવે તો પત્યું ! આથી વધુ તો કોઈ શું કરી શકે. હવે મારી યાતનાઓનો અંત આવ્યો છે અને હવે મારી શાંતિમાં કોઈ ભંગ નહિ પડાવે. પણ કંઈક સાવ જુદું જ બન્યું ! ખેલ તો જુઓ. હવે એક નવી કસોટી શરૂ થઈ. મને બજારે લઈ ગયા અને કેટલાયે લોકો આવી આવીને મારી ઉપર ટપલી મારી મારીને મને ચકાસવા લાગ્યા, મારી ઉપર ક્યાંય કાણું છે કે નહીં તે જોવા લાગ્યા. આખરે કોઈએ મને ખરીદી લીધો. મારામાં ગંગાજળ ભરીને મને ઊંચે આસને પધરાવીને મારામાં પ્રાણ-પ્રતિષ્ઠા કરી અને એ રીતે હવે હું બોલી શકું છું.''

આટલું કહીને માતાજીએ ઉમેર્યું : ''આ રીતે જ્યારે વ્યક્તિને પૂર્ણ બનાવાય, જ્યારે એ પરિપક્વ થાય, ત્યારે એનામાં ગંગાજળ (એટલે કે જ્ઞાન, ડહાપણ) ભરાય છે અને તેને દિવ્ય જીવન પ્રતિ જાગૃત કરાય છે. પછી તેનાથી બોલાય છે.''

❑ ◆ ❑

**ચતુર વેપારીની કથા :**

''એક ધનવાન વેપારી ધંધાર્થે પ્રવાસે જવાની તૈયારી કરતો હતો. એને લૂંટવા માટે તત્પર થયેલો એક ચોર એની પાસે આવ્યો. સારાં વસ્ત્રોમાં સજ્જ થયેલો વેપારી હોવાનો ડોળ કરતો તે બોલ્યો : ''મારે પણ એ જ માર્ગે જવું છે. પાસે નાણું હોય ને એકલા મુસાફરી કરવી ઠીક નહિ. આપણે

બેય સાથે સાથે જઈએ. એકથી બે ભલા !'' તો પેલો કહે કે ''ભલે.''

''સવારના પહોરમાં ધર્મશાળામાંથી નીકળતાં પહેલાં પેલો વેપારી પોતાના બધા પૈસા બહાર કાઢે, ગણે અને પાછા ખિસ્સામાં મૂકે. બરાબર દેખાય એવી રીતે જ પૈસા ગણે. એક દિવસ સવારે પેલા ચોરના દેખતાં એણે પૈસા ગણ્યા. ચોરને એમ કે આજે રાતે તો બસ, ચોરી જ લેવા છે. દિવસભરના થાક્યા-પાક્યા બેય રાત્રે આડા પડ્યા ને વેપારીને તો સરસ મજાની ઊંઘ આવી ગઈ. ચોર જાગતો હતો. પથારીમાંથી ઊભા થઈને એણે પોતાના સંગાથીનો સામાન ફંફોળ્યો. એની પથારી અને એના શરીર પર પણ શોધાશોધ કરી મૂકી. પેલો ઘસઘસાટ ઊંઘતો રહ્યો, શાંતિથી નસકોરાં બોલાવ્યાં કર્યાં, એક વાર પણ જરા જેટલી યે આંખ ખોલી નહિ. ગમે તેટલું કરવા છતાં ચોરને તો એક રાતી પાઈ પણ હાથ લાગી નહીં. આવું દરરોજ ચાલ્યું. રોજ સવારમાં વેપારી પૈસા ગણે, પેલા ચોરના મોઢામાં પાણી આવે અને રાત્રે પૈસાબૈસા કાંઈ શોધ્યા જડે નહીં. અંતે હતાશ થઈને ચોરે પેલાને પૂછવાનું નક્કી કર્યું : ''હે મિત્ર ! મારે એક કબૂલાત કરવાની છે. હું તને છેતરતો હતો. મેં તારું ધન લઈ લેવા માટે તારો સંગાથ કર્યો હતો. રોજ રાત્રે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તારો ખજાનો હાથ કરવાના મારા પ્રયત્નો નિષ્ફળ જતા, પૂરેપૂરી શોધ કરવા છતાં, મને કહે કે તારા પૈસા મારાથી છૂપાવવા માટે તું કયું જાદુ કરતો હતો ?'' વેપારી ખડખડાટ હસતો હસતો બોલ્યો, ''સાવ સાદો સરળ ઉપાય ! શરૂઆતથી જ મને તારા બદઈરાદાની શંકા હતી છતાં મને ચિંતા ન હતી કેમ કે મને ખબર હતી કે મારી પૈસા સંતાડવાની જગ્યાનો તને ખ્યાલ નહીં આવે. રોજ રાત્રે પૈસા તારા પોતાના ઓશિકા નીચે સહીસલામત પડ્યા રહેતા. મને ખાતરી હતી કે આ એક સ્થળ એવું છે જે તું કદી પણ નહિ શોધી શકે એટલે તો મને આવી સરસ ઊંઘ આવી જતી.''

પછી માતાજી કહે : ''ભગવાન બધાંની અંદર છે, પણ માણસ એની શોધમાં આમતેમ ભટકે છે આ જ છે એની સૃષ્ટિ - એનું સર્જન અને આ જ છે એની લીલા.''

❑ ◆ ❑

**મહામૂલા હારની કથા :**

''એક સરોવરને તળિયે એક હાર ચમકતો દેખાતો હતો. આવા રૂપાળા અલંકારની લાલચમાં કેટકેટલા લોકોએ ડૂબકી મારી, પરંતુ તળિયે પહોંચીને જુએ તો હાર ન મળે. છતાં સરોવરની પાળ પરથી જે જુએ એને હાર તો દેખાતો જ, એમાં કોઈ શંકા નહીં. અંતે એક મહાત્મા ત્યાંથી પસાર થયા. આ બાબત એમની સલાહ લેવામાં આવી. ''હાર સરોવરને તળિયે ન હોઈ શકે. એ ક્યાંક બીજે હોવો જોઈએ.'' એમણે કહ્યું, ''તમે જે જુઓ છો એ એનું પ્રતિબિંબ છે.'' એમણે ઉપર નજર નાખી અને એક વૃક્ષ પર લટકતા પેલા મહામૂલા હારને શોધી કાઢ્યો. કોઈ પંખીએ ક્યાંકથી લાવીને પોતાના માળામાં નાખેલો.''

માતાજીએ કથાનો અર્ક કાઢ્યો : ''જે શાશ્વત છે, પરમ છે, તે છે સાચા સુખનું પ્રવેશદ્વાર. ઈન્દ્રિયગમ્ય પદાર્થોમાં આ સુખનું પ્રતિબિંબ માત્ર પડે છે. જન્મજન્માંતરોની આવનજાવન કરતો જીવાત્મા આ પ્રતિબિંબની ઝલકનો અનુભવ કરે છે અને એમ માની લે છે કે ઈન્દ્રિયગમ્ય પદાર્થોમાં એ અમુલ્ય વસ્તુ છુપાઈ છે. જ્યાં સુધી અતંરમાં ઊંડું નિરખ્યા વગર કોઈ એમ માની લે કે આ સંસારમાં, આ દુનિયામાં સાચું સુખ છે ત્યાં સુધી તે પોતે બંધનમાં રહે છે.''

— ◆ —